## અગ્રતા ક્રમાંક: ૦૪

## પ્રશ્ન ક્રમાંક::૧૫/૦૪/૧૨૨૮ માન. ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા (વાગરા)

### પુરક પ્રશ્નો

૧. છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં જંબુસર તાલુકાના કયા ગામોમાં કેટલા તળાવો પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના(W.D.C 2.0) હેઠળ બનાવવામાં આવેલ છે? (શ્રી અરૂણસિંહ રણા (વાગરા) )

૨. છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના(W.D.C 2.0) હેઠળ કેવા પ્રકારના કેટલા કામો કરવામાં આવેલ અને તે અંતર્ગત કેટલો ખર્ચ થયેલ છે?( શ્રી ડી. કે. સ્વામી (જંબુસર))

૩. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના(W.D.C 2.0) હેઠળ પ્રોજેક્ટ મંજુર કરવા માટેના માપદંડો કયા છે? (શ્રી રમેશભાઇ મિસ્ત્રી (ભરૂચ) )

૪. ગ્રામ્ય જળસ્ત્રાવ સમિતિની રચના કેવી રીતે કરવામાં આવે છે અને તેમાં કેટલા સભ્યોનો સમાવેશ થાય છે ?(ડો. દર્શનાબેન દેશમુખ (નાંદોદ) )

| અન્ય પુરક પ્રશ્નો | |
|---|---|
| 1 | છેલ્રા બે કેલેન્ડર વર્ષમાં રાજ્યમાં પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના WDC 2.0 અંતર્ગત મંજુર થયેલ તળાવોની વિગતો |
| 2 | પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના WDC 2.0 અંતર્ગત મંજુર થયેલ જિલ્રાવાર પ્રોજેકટની વિગત |
| 3 | પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ છેલ્રા બે કેલેન્ડર વર્ષમાં સમગ્ર રાજ્યમાં થયેલ સેક્ટરવાર કામોની વિગત. |
| 4 | ઘટકવાર ફંડનું વિતરણની વિગતો શું છે? |
| 5 | માન. ધારાસભ્યશ્રીઓ તરફથી મળેલ ફરીયાદ સામે કરેલ કાર્યવાહીની વિગત |
| 6 | યોજનાની અમલવારીની કાર્ય પધ્ધતિ શુ છે? |
| 7 | પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના (WDC 2.0) હેઠળ મંજુર થયેલ પ્રોજેકટ અંતર્ગત હેક્ટરદીઠ ખર્ચ કેટલો હોય છે અને પ્રોજેકટની સમયમર્યાદા શું છે? |
| 8 | પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (WDC 2.0)નો મુખ્ય હેતુ શું છે? આ યોજનામાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો હિસ્સો કેટલો છે? |
| 9 | યોજનાકીય પારદર્શકતા માટે હાથ ધરવામાં આવતા વિવિધ પગલાંની વિગત. |
| 10 | છેલ્રા બે વર્ષની બજેટ જોગવાઇ, ગ્રાન્ટ ફાળવણી તથા ખર્ચની વિગત. |
| 11 | આ પ્રોજેકટ અમલીકરણ કઈ કઈ કચેરી દ્વારા થાય છે ? |

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી અરૂણસિંહ રણા (વાગરા)**

**પ્રશ્ન : ૧ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં જંબુસર તાલુકાના કયા ગામોમાં કેટલા તળાવો પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના(W.D.C 2.0) હેઠળ બનાવવામાં આવેલ છે?**

**જવાબ:** (૧) વર્ષ ૨૦૨૨માં જંબુસર તાલુકામાં કોઈ કામ થયેલ નથી.

(૨) જ્યારે વર્ષ ૨૦૨૩માં જંબુસર તાલુકામાં

કાવી ગામમાં ૩ તળાવો બનાવવા રૂ.૧૨.૫૪ લાખ,

કિમોજ ગામે ૧ તળાવ બનાવવા રૂ.૨.૪૨ લાખ,

રૂનાડ ગામે ૧ તળાવ બનાવવા રૂ.૨.૪૧ લાખ,

સામોજ ગામે ૧ તળાવ બનાવવા રૂ.૨.૫૩ લાખ,

ઝામડી ગામે ૪ તળાવો બનાવવા માટે રૂ.૧૧.૭૦ લાખ

કનગામ ગામે ૨ તળાવ બનાવવા રૂ.૧૦.૦૪ લાખનો ખર્ચ થયેલ છે.

**આમ જંબુસર તાલુકામાં કુલ ૬ ગામોમાં ૧૨ તળાવ અંતર્ગત ૪૧.૬૪ લાખનો ખર્ચ થયેલ છે.**

Back To Index

## પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી ડી. કે. સ્વામી (જંબુસર)

**પ્રશ્ન :૨ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (WDC 2.0) હેઠળ કેવા પ્રકારના કેટલા કામો કરવામાં આવેલ અને તે અંતર્ગત કેટલો ખર્ચ થયેલ છે?**

જવાબ:

- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના(W.D.C 2.0) હેઠળ ભરૂચ જિલ્લામાં **વર્ષ ૨૦૨૨માં કોઇ કામગીરી થયેલ નથી.**
- જ્યારે **વર્ષ ૨૦૨૩** માં ભરુચ જિલ્લામાં જંબુસર તાલુકાનાં ગામોમાં નવા તળાવ, ચેકડેમ, ફ્લો ચેનલ, ફીશરીસ, નેટ હાઉસ, નર્સરી, બોર વેલ વિગેરે જેવા સામુહિક તથા વ્યક્તિગત એમ **કુલ ૩૯૨ કામો** થયેલ છે,
- જેના માટે **૪૨૨ લાખનો ખર્ચ** કરવામાં આવેલ છે.

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શ્રી રમેશભાઇ મિસ્ત્રી (ભરૂચ)

**પ્રશ્ન : ૩ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના(W.D.C 2.0) હેઠળ પ્રોજેક્ટ મંજુર કરવા માટેના માપદંડો કયા છે?**

જવાબ:

**વર્ષ ૨૦૦૯-૧૦**માં બાયસેગ, ગાંધીનગર દ્વારા વૈજ્ઞાનિક ઢબે G.I.S નો ઉપયોગ કરીને **પ્લાન** તૈયાર કરવામાં આવેલ,જેના આધારે **અગ્રતાના ધોરણે વિસ્તારની તથા ગામોની પસંદગી કરવામાં આવે છે.**

**આ પ્રોજેક્ટ નીચે મુજબના માપદંડો ધ્યાને લઈ નક્કી કરવામાં આવે છે.**

| **ક્રમ** | **માપદંડ** |
|---|---|
| ૧ | ગરીબી સૂચક અંક (કુલ વસતિના ગરીબોની ટકાવારી ) |
| ૨ | SC/ST વસતિની ટકાવારી |
| ૩ | ચુકવાતા વેતનનું પ્રમાણ |
| ૪ | નાના/ સીમાંત ખેડૂતોનું પ્રમાણ |
| ૫ | ભૂગર્ભ જળની સ્થિતીનું પ્રમાણ |
| ૬ | ભેજની સ્થિતિ |
| ૭ | વરસાદ આધારિત વિસ્તારનું પ્રમાણ |
| ૮ | પીવાનું પાણીનું પ્રમાણ |
| ૯ | જમીનની ગુણવત્તા |
| ૧૦ | જમીનની ઉત્પાદકતા |

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી ડો. દર્શનાબેન દેશમુખ (નાંદોદ)**

**પ્રશ્ન : ૪ ગ્રામ્ય જળસ્ત્રાવ સમિતિની રચના કેવી રીતે કરવામાં આવે છે અને તેમાં કેટલા સભ્યોનો સમાવેશ થાય છે ?**

જવાબ:

ગ્રામ્ય સ્તરે પ્રોજેકટના અમલીકરણ માટે **ગ્રામસભાના ઠરાવથી** વિવિધ વર્ગો, જાતિ સમૂહ અને મહિલાઓનો સમાવેશ કરી **ઓછામાં ઓછા ૧૧ સભ્યોની** ગ્રામ્ય જળસ્ત્રાવ સમિતિની રચના કરવામાં આવે છે અને **મંડળી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ હેઠળ** આ સમિતિની નોંધણી કરવામાં આવે છે. જેમાં,

- પાંચ સભ્યો સ્વ સહાય જુથના અને ઉપભોક્તા જુથના,
- એક ગ્રામ પંચાયત સભ્ય,
- એક વોટરશેડ ડેવલોપમેન્ટ ટીમનો સભ્ય,
- ઓછામાં ઓછા બે સભ્યો મહિલા,
- ઓછામાં ઓછા બે સભ્યો અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતિના હોવા જોઈએ.

Back To Index

અન્ય પુરક પ્રશ્નો

# પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ ૩૬૩ તળાવો બનાવવામાં આવેલ છે, જેના માટે કુલ ૧૯.૨૩ કરોડનો ખર્ચ થયેલ છે.

| પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના ( WDC 2.0) હેઠળ બનાવેલ નવા તળાવોની વિગત | | | | | |
|---|---|---|---|---|---|
| અ.નં | જિલ્લાનું નામ | વર્ષ : ૨૦૨૨ | | વર્ષ : ૨૦૨૩ | |
| | | બનાવેલ નવા તળાવની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | બનાવેલ નવા તળાવની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૧ | અમદાવાદ | 0 | 0.00 | ૭ | ૨૧ લાખ ૮૫ હજાર |
| ૨ | અમરેલી | 0 | 0.00 | ૧૭ | ૬૬ લાખ ૬૧ હજાર |
| ૩ | આણંદ | 0 | 0.00 | ૦ | ૦.૦૦ |
| ૪ | અરવલ્લી | 0 | 0.00 | ૧ | ૨ લાખ ૮૨ હજાર |
| ૫ | બનાસકાંઠા | 0 | 0.00 | ૨ | ૦.૦૦ |
| ૬ | ભરુચ | 0 | 0.00 | ૧૨ | ૪૧ લાખ ૬૪ હજાર |
| ૭ | ભાવનગર | ૨ | ૮ લાખ ૩૩ હજાર | ૯ | ૩૫ લાખ ૫૮ હજાર |
| ૮ | બોટાદ | 0 | 0.00 | ૨૪ | ૭૦ લાખ ૮૪ હજાર |
| ૯ | છોટાઉદેપુર | ૭ | ૧૫ લાખ ૫૨ હજાર | ૦ | ૦.૦૦ |
| ૧૦ | ડાંગ | 0 | 0.00 | ૦ | ૦.૦૦ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | 0 | 0.00 | ૭ | ૪૪ લાખ ૮૦ હજાર |
| ૧૨ | દાહોદ | 0 | 0.00 | ૨ | ૬ લાખ ૧૮ હજાર |
| ૧૩ | ગાંધીનગર | 0 | 0.00 | ૭ | ૧૯ લાખ ૦૮ હજાર |
| ૧૪ | ગીર સોમનાથ | 0 | 0.00 | ૨ | ૭ લાખ ૬૫ હજાર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | જામનગર | ૦ | ૦.૦૦ | ૫૫ | ૧૮૩ લાખ ૯૫ હજાર |
| ૧૬ | જુનાગઢ | ૦ | ૦.૦૦ | ૪૩ | ૧૫૪ લાખ ૫૩ હજાર |
| ૧૭ | કચ્છ | ૦ | ૦.૦૦ | ૮૨ | ૯૮૪ લાખ ૩૮ હજાર |
| ૧૮ | ખેડા | ૦ | ૦.૦૦ | ૧૨ | ૨૨ લાખ ૬૩ હજાર |
| ૧૯ | મહેસાણા | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૨૦ | મહીસાગર | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૨૧ | નર્મદા | ૦ | ૦.૦૦ | ૧૭ | ૪૩ લાખ ૬૯ હજાર |
| ૨૨ | નવસારી | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૨૩ | પંચમહાલ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૨૪ | પાટણ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૨૫ | પોરબંદર | ૦ | ૦.૦૦ | ૧૧ | ૪૨ લાખ ૭૬ હજાર |
| ૨૬ | રાજકોટ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૨૭ | સાબરકાંઠા | ૦ | ૦.૦૦ | ૨૫ | ૭૫ લાખ ૬૯ હજાર |
| ૨૮ | સુરત | ૦ | ૦.૦૦ | ૩ | ૧૬ લાખ ૧૩ હજાર |
| ૨૯ | સુરેન્દ્રનગર | ૦ | ૦.૦૦ | ૯ | ૩૯ લાખ ૮૫ હજાર |
| ૩૦ | તાપી | ૦ | ૦.૦૦ | ૨ | ૪ લાખ ૮૪ હજાર |
| ૩૧ | વડોદરા | ૦ | ૦.૦૦ | ૫ | ૧૩ લાખ ૨૪ હજાર |
| ૩૨ | વલસાડ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૯** | **૨૩.૮૫ લાખ** | **૩૫૪** | **૧૮૯૮ લાખ ૭૪ હજાર** |

Back To Index

# મંજુર થયેલ જિલ્લાવાર પ્રોજેકટની વિગત

## રાજયમાં પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત કુલ ૫૧ પ્રોજેક્ટ અને ૨.૯૨ લાખ હેક્ટર વિસ્તારમાં કુલ ૬૮૭ કરોડનાં કામોનું આયોજન કરવામાં આવેલ છે.

| અ. નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | પ્રોજેકટની સંખ્યા | પ્રોજેક્ટ વિસ્તાર (હેક્ટરમાં) | પ્રોજેકટની રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | બાવળા, દસ્ક્રોઈ | ૨ | ૧૧,૨૭૫ | ૨૪.૮૦ |
| ૨ | અમરેલી | ધારી, અમરેલી | ૨ | ૧૦,૪૨૮ | ૨૨.૯૪ |
| ૩ | આણંદ | બોરસદ | ૧ | ૫,૪૬૦ | ૧૨.૦૧ |
| ૪ | અરવલ્લી | માલપુર | ૧ | ૪,૯૨૧ | ૧૦.૮૩ |
| ૫ | બનાસકાંઠા | અમીરગઢ | ૨ | ૧૧,૫૫૦ | ૨૫.૪૧ |
| ૬ | ભરુચ | જંબુસર | ૧ | ૬,૪૦૧ | ૧૪.૦૮ |
| ૭ | ભાવનગર | ગારીયાધર, પાલિતાણા | ૨ | ૧૦,૦૦૩ | ૨૨.૦૦ |
| ૮ | બોટાદ | રાણપુર, બોટાદ | ૨ | ૧૧,૬૮૮ | ૨૫.૭૧ |
| ૯ | છોટાઉદેપુર | કવાંટ | ૧ | ૫,૫૧૫ | ૧૨.૧૩ |
| ૧૦ | ડાંગ | આહવા | ૧ | ૫,૦૧૬ | ૧૧.૦૩ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ભાણવડ, કલ્યાણપુર | ૩ | ૧૮,૩૫૫ | ૫૧.૩૯ |
| ૧૨ | દાહોદ | ઝાલોદ, દેવગઢબારિયા | ૨ | ૧૫,૭૮૫ | ૩૪.૭૨ |
| ૧૩ | ગાંધીનગર | દહેગામ | ૧ | ૬,૪૯૧ | ૧૪.૨૮ |
| ૧૪ | ગીર સોમનાથ | તાલાલા, વેરાવલ | ૨ | ૧૨,૪૯૪ | ૨૭.૪૯ |
| ૧૫ | જામનગર | જામજોધપુર, જોડિયા | ૨ | ૧૦,૯૪૦ | ૩૦.૬૩ |
| ૧૬ | જુનાગઢ | માણાવદર, કેશોદ | ૨ | ૧૩,૧૬૪ | ૨૮.૯૬ |
| ૧૭ | કચ્છ | લખપત, નખત્રાણા | ૫ | ૨૫,૯૦૨ | ૭૨.૫૨ |
| ૧૮ | ખેડા | કપડવંજ | ૧ | ૬,૦૨૯ | ૧૩.૨૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯ | મહેસાણા | ખેરાલુ | ૧ | ૪,૭૪૩ | ૧૦.૪૩ |
| ૨૦ | મહીસાગર | સંતરામપુર | ૧ | ૫,૯૦૦ | ૧૨.૯૭ |
| ૨૧ | નર્મદા | ગુરુડેશ્વર, તિલકવાડા | ૨ | ૧૦,૨૬૩ | ૨૨.૫૮ |
| ૨૨ | નવસારી | ગણદેવી | ૧ | ૫,૨૯૧ | ૧૧.૬૪ |
| ૨૩ | પંચમહાલ | ગોધરા | ૧ | ૫,૯૧૭ | ૧૩.૦૧ |
| ૨૪ | પાટણ | સિદ્ધપુર | ૧ | ૫,૬૦૦ | ૧૨.૩૨ |
| ૨૫ | પોરબંદર | રાણાવાવ | ૧ | ૫,૧૮૮ | ૧૧.૪૧ |
| ૨૬ | રાજકોટ | ઉપલેટા, રાજકોટ | ૨ | ૧૪,૦૪૭ | ૩૪.૮૧ |
| ૨૭ | સાબરકાંઠા | વિજયનગર, ઇડર | ૨ | ૧૦,૮૯૭ | ૨૩.૯૭ |
| ૨૮ | સુરત | માંગરોલ | ૧ | ૪,૭૬૫ | ૧૦.૪૮ |
| ૨૯ | સુરેન્દ્રનગર | ચોટીલા, થાનગઢ | ૨ | ૧૨,૬૧૨ | ૩૫.૩૧ |
| ૩૦ | તાપી | ડોલવણ | ૧ | ૫,૧૦૦ | ૧૧.૨૨ |
| ૩૧ | વડોદરા | ડભોઈ | ૧ | ૫,૪૫૪ | ૧૨.૦૦ |
| ૩૨ | વલસાડ | કપરાડા | ૧ | ૫,૧૭૬ | ૧૧.૩૯ |
| | | **કુલ** | **૫૧ પ્રોજેક્ટ** | **૨,૯૨,૩૬૭ હેક્ટર** | **૬૮૭.૭૩ કરોડ** |

Back To Index

# પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં સમગ્ર રાજ્યમાં થયેલ સેક્ટરવાર કામોની વિગત.

| (રૂ. કરોડમાં) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | પ્રવૃતિ | કેલેન્ડર વર્ષ ૨૦૨૨ | | કેલેન્ડર વર્ષ ૨૦૨૩ | |
| | | પૂર્ણ થયેલ કામો | કુલ ખર્ચ | પૂર્ણ થયેલ કામોની | કુલ ખર્ચ |
| ૧ | જળ સંચયની પ્રવૃતિઓ | ૩૭ | ૦.૭૪ | ૨,૦૫૩ | ૭૩.૪૪ |
| ૨ | જુના તળાવો અને ચેકડેમનું નવીનીકરણ/સમારકામના અન્ય કામો | ૦ | ૦ | ૨૮ | ૦.૬૯ |
| ૩ | ભૂગર્ભજળ સંરક્ષણના કામો | ૭ | ૦.૦૪ | ૧,૧૦૧ | ૧૧.૬૮ |
| ૪ | જમીન સુધારણા | ૫ | ૦.૦૦૮ | ૨,૪૪૫ | ૩.૩૫ |
| ૫ | ભૂમિ ભેજ સંરક્ષણના કામો | ૬૯ | ૦.૪૮ | ૫,૦૩૨ | ૩૨.૮૪ |
| ૬ | એન્ટ્રી પોઈન્ટ એક્ટીવીટી | ૮૪ | ૦.૩૪ | ૧,૧૬૦ | ૭.૭૫ |
| ૭ | આજીવિકા તથા લઘુ સાહસને લગત પ્રવૃતિઓ | | | | |
| | કૃષિ સંલગ્ન પ્રવૃતિઓ | ૫૦૦ | ૦.૨૭ | ૨૩,૦૧૦ | ૨૧.૦૮ |
| | કૃષિ ઉત્પાદન સંલગ્ન પ્રવૃતિઓ | ૧૯૫ | ૦.૦૯ | ૪,૭૩૩ | ૩.૪૧ |
| | પશુપાલન પ્રવૃતિઓ | ૩૧૩ | ૦.૧૨ | ૯,૧૨૧ | ૬.૨૧ |
| | લઘુ પ્રવૃતિઓ | ૯ | ૦.૦ ૨ | ૧,૧૭૭ | ૨.૭૬ |
| | રિવોલ્વિંગ ફંડ | ૦ | ૦ | ૯૯ | ૦.૩૭ |
| | કુલ | ૧,૨૧૯ કામો | ૨.૧૩ કરોડ | ૪૯,૯૫૯ કામો | ૧૬૩.૬૦ કરોડ |

Back To Index

**પ્રશ્ન : ઘટકવાર ફંડના વિતરણની વિગતો શું છે?**

જવાબ: ઘટકવાર ફંડ વિતરણની ટકાવારી નીચે મુજબ છે.

| ઘટક | ફંડનું ધોરણ |
|---|---|
| ડી.પી.આર બનાવવા માટે | ૧% |
| એન્ટ્રી પોઈન્ટ એક્ટીવીટી માટે | ૨% |
| સંસ્થાકીય ક્ષમતાવર્ધન માટે | ૩% |
| જળસ્ત્રાવ વિકાસના કામો માટે | ૪૯% |
| મિલકત વિહોણા માટે લોકોને આજીવિકા પૂરી પાડવા માટે | ૧૫% |
| ઉત્પાદન પદ્યતિ અને લઘુ ઉદ્યોગની પ્રવૃતિ માટે | ૧૫% |
| કોન્સોલીડેશન માટે | ૩% |
| મોનીટરીંગ માટે | ૧% |
| મુલ્યાંકન માટે | ૧% |
| વહીવટી ખર્ચ માટે | ૧૦% |
| કુલ | ૧૦૦% |

Back To Index

# માન. ધારાસભ્યશ્રીઓ તરફથી મળેલ ફરીયાદ સામે કરેલ કાર્યવાહીની વિગત

**મળેલ કુલ ૦૫ ફરિયાદો પૈકી ૦૩ ફરિયાદોની તપાસ પૂર્ણ કરવામાં આવેલ છે અને ૦૨ ફરિયાદોમાં તપાસ ચાલુ છે.**

| અ. નં. | નામ | તારીખ | રજૂઆતની વિગત | હાલની વિગત |
|---|---|---|---|---|
| ૧ | શ્રી મહેન્દ્રભાઈ પાડલીયા, માન.ધારાસભ્યશ્રી, ધોરાજી– ઉપલેટાની રજૂઆત | ૦૬–૦૬–૨૩ | ઉપલેટા તાલુકામાં વોટરશેડ યોજનામાં થયેલ ભ્રષ્ટાચારની તપાસ કરવા | ચેરમેન –વ– જિલ્લા વિકાસ અધિકારીશ્રી, રોજકોટ તપાસ કરી રહેલ છે. |
| ૨ | શ્રી રાઘવજીભાઈ માન.મંત્રીશ્રી ગ્રામ વિકાસની રજૂઆત. | ૨૮–૦૪–૨૩ | વ્યક્તિગત તેમજ માનસિક ત્રાસ આપવા બાબત. | ચેરમેન –વ– જિલ્લા વિકાસ અધિકારીશ્રી, રોજકોટ તપાસ કરી રહેલ છે. |
| ૩ | **શ્રી જીગ્નેશભાઈ મેવાણી, માન.ધારાસભ્યશ્રી, વડગામની રજૂઆત.** | **૨૪–૦૪–૨૪** | **પ્રેસ કોન્ફરન્સ થકી વોટરશેડના કામોની રજૂઆત બાબત.** | **કામમાં ચૂક બાબતે સામેલ કર્મચારીની અન્ય જગ્યા પર શિક્ષાત્મક બદલી કરવામાં આવેલ છે.** |
| ૪ | શ્રી મહેશભાઈ કસવાલા, માન. ધારાસભ્યશ્રી, સાવારકુંડલા – લીલીયા | ૩૦–૦૧–૨૩ | અમરેલી જિલ્લાના વોટરશેડ યોજનાના કર્મચારીઓની ગેરરીતી સામે પગલાં ભરવા બાબત. | સદર રજૂઆત બાબતે માન.ધારાસભ્યશ્રીને હકીકતથી વાકેફ કરતાં કામગીરીથી સંતોષ વ્યક્ત થતાં રજૂઆત દફતરે કરેલ છે. |
| ૫ | **શ્રી કાન્તીભાઇ ખરાડી, માન. ધારાસભ્યશ્રી– દાંતા** | **૧૪–૦૩–૨૩** | **તેઓના મતવિસ્તારના કપસિયા અને વિરમપુર કલસ્ટરમાં ગુજકોમાસોલ પાસેથી ખરીદવા તેમજ બેચ–૩ અને ૪ પ્રોજેક્ટ સેન્ટરોના કામો બાબત** | **સદર રજૂઆત બાબતે ચકાસણી કરતા સમયમર્યાદામાં કામગીરી પુરી કરવાના આશયથી અને ગ્રામજનોની માંગણી સંદર્ભે કામગીરી કરવામાં આવેલ હોવાનો માન. ધારાસભ્યશ્રીને તા.૦૭–૦૬–૨૦૨૩ના પત્રથી પ્રત્યુત્તર પાઠવીને રજૂઆત દફતરે કરવામાં આવેલ છે.** |

Back To Index

# યોજના અમલવારીની કાર્ય પધ્ધતિ

પ્રારંભિક ગ્રામ કક્ષાએ બેઠક કરવી

⇓

ગ્રામ સંસ્થાઓના નિર્માણની શરૂઆત કરવી

⇓

પ્રાથમિક સર્વે કરવો

⇓

આખરી આયોજન કરવું

⇓

વિસ્તૃત યોજના અહેવાલનું(DPR) મંજૂરી આપવી

⇓

કામોના પ્લાન એસ્ટીમેટ્સ તૈયાર કરવા

⇓

કામોની વહીવટી મંજુરી આપવી

⇓

જળસ્ત્રાવ સમિતિ ધ્વારા ટેન્ડર પ્રકિયા કરવી

⇓

પૂર્ણતા પ્રમાણપત્રનાં આધારે ચુકવણું કરવું

Back To Index

પ્રશ્ન : પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના (WDC 2.0) હેઠળ મંજુર થયેલ પ્રોજેક્ટ અંતર્ગત હેક્ટરદીઠ ખર્ચ કેટલો હોય છે અને પ્રોજેક્ટની સમયમર્યાદા શું છે ?

જવાબ:

- પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ સામાન્ય વિસ્તારમાં એક હેક્ટરનો ખર્ચ **રૂ.૨૨ હજાર** હોય છે, જયારે **રણ વિસ્તારમાં રૂ.૨૮ હજાર** હોય છે.

- પ્રોજેક્ટની સમય માર્યાદા **ત્રણ થી પાંચ વર્ષ** હોય છે.

Back To Index

**પ્રશ્ન : પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (WDC 2.0)નો મુખ્ય હેતુ શું છે? આ યોજનામાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો હિસ્સો કેટલો છે?**

જવાબ:

- આ યોજનાનો મુખ્ય હેતુ પ્રોજેક્ટ વિસ્તારમાં પ્રાકૃતિક સંસાધનો જેમ કે, ભૂમિ, જળ, વનસ્પતિ આવરણનું વ્યવસ્થાપન કરી ઈકોલોજીકલ સંતુલન જાળવવાનો છે, આ યોજના હેઠળ જળ સંરક્ષણ, જમીન સુધારણા, આજીવિકા વિકાસ વિગેરેની પ્રવૃતિઓ કરવામાં આવે છે, જેનાથી ગ્રામ્ય લોકોના જીવન ધોરણમાં સુધારો લાવી શકાય.
- આ કાર્યક્રમમા ભારત સરકારશ્રીનો હિસ્સો **૬૦ ટકા** અને રાજ્ય સરકારશ્રીનો હિસ્સો **૪૦ ટકા** છે.

Back To Index

**પ્રશ્ન : યોજનાકીય પારદર્શકતા માટે હાથ ધરવામાં આવતા વિવિધ પગલાંની વિગત.**

જવાબ:

- પ્રોજેક્ટની માહિતી દર્શાવતું બોર્ડ જાહેર દીવાલ પર લગાવવું.
- પ્રોજેક્ટની કામગીરી અંગે વિગતવાર માહિતીના વાર્ષિક એક્શન પ્લાનની વિગત જાહેર સ્થળે લગાવવી.
- કામની વિગત દર્શાવતો નકશો જાહેર દીવાલ પર લગાવવો.
- ગ્રામસભામાં કામો અંગેનો ઠરાવ તથા ચર્ચા કરવી.
- **પ્રત્યેક કામોનું જીઓ–ટેગિંગ કરવું.**
- મટીરીયલ ટેસ્ટીંગ કરવું.
- પ્રત્યેક કામો માટે ટેન્ડર પ્રક્રિયાનું પાલન કરવું.
- ઓનલાઈન પોર્ટલમાં ડેટા એન્ટ્રી કરવી.
- પ્રિ–ઓડીટ કરવું.
- વાર્ષિક ઓડિટ કરવું.
- આંતર જિલ્લા મોનીટરીંગ કરાવવું.
- થર્ડ પાર્ટી મોનીટરીંગ કરાવવું.

Back To Index

# રાજયની બજેટ જોગવાઇ, ગ્રાન્ટ ફાળવણી તથા ખર્ચની વિગત

# (તા.૧૩/૦૨/૨૦૨૪ અંતિત)

| નાણાકીય વર્ષ | બજેટ જોગવાઇ (રૂા.કરોડ) | મળેલ ગ્રાંટ (રૂા.કરોડ) | જિલ્લાઓને ફાળવેલ ગ્રાંટ (રૂા.કરોડ) | થયેલ ખર્ચ (રૂા.કરોડ) | વણવપરાયેલ ગ્રાંટ (રૂા.કરોડ) |
|---|---|---|---|---|---|
| ૨૦૨૨-૨૩ | ૧૪૬.૪૬ | ૮૧.૯૭ | ૩૮.૭૮ | ૩૮.૭૮ | ૮૬.૧૭ |
| ૨૦૨૩-૨૪ | ૧૮૭.૦૯ | ૧૪૧.૦૭ | ૧૬૭.૭૦ | ૧૬૨.૪૬ | ૬૪.૭૮ |

**નોધ:-**

- બંન્ને નાણાકીય વર્ષમાં માર્ચ અંતિત ગ્રાંટ મળેલ હોય બચત રહેવા પામેલ છે.

Back To Index

**પ્રશ્ન : આ પ્રોજેકટનું અમલીકરણ કઈ કઈ કચેરી દ્વારા થાય છે ?**

**જવાબ:**

**રાજ્ય કક્ષા** – ગુજરાત સ્ટેટ વોટરશેડ મેનેજમેન્ટ એજન્સી(GSWMA), ગાંધીનગર

**જિલ્લા કક્ષા** – ડીસ્ટ્રીક્ટ વોટરશેડ ડેવલોપમેન્ટ યુનિટ (DWDU)

**પ્રોજેકટ કક્ષા** – પ્રોજેકટ અમલીકરણ સંસ્થા (P.I.A)

**ગ્રામ્ય કક્ષા** – ગ્રામ્ય જળસ્ત્રાવ સમિતિ

**જેમાં ગ્રામ સભા દ્વારા ગામના સૌથી જરૂરિયાતમંદ વ્યક્તિગત લાભાર્થીઓની પસંદગી કરવાની તથા લાભાર્થીઓને વસ્તુના રૂપમા સહાય આપવાની જોગવાઈ છે.**

Back To Index